# 5. ચાલો મળવા જઈએ !

**વિનોદિની નીલકંઠ**

રમણભાઈ નીલકંઠનાં સુપુત્રી વિનોદિનીબહેન ગુજરાતી સાહિત્યમાં લેખિકા તરીકે નોંધપાત્ર સ્થાન ધરાવે છે તેમણે વાર્તા અને નિબંધ ક્ષેત્રે પ્રદાન કર્યું છે. સ્ત્રીજીવન તથા કુટુંબજીવનને લગતા લેખો ને વાર્તાઓમાં એમને સ્ત્રી-લેખકની વિશિષ્ટ દૃષ્ટિ મળી છે. બહુ સુંદર રીતે એ હળવા કટાક્ષ કરી શકે છે ને સાવ સાદા નિરૂપણને પણ વેધક બનાવે છે. 'આરસીની ભીતરમાં', 'રસદ્વાર', 'કાર્પાસી અને બીજી વાતો', 'કદલીવન' વગેરે એમની કૃતિઓ છે.

'ચાલો મળવા જઈએ' નામનો આ વાર્તાલાપ આપણી વિચિત્રતા, અતડાપણું, જડતા અને અસંસ્કારી વૃત્તિ પર પ્રકાશ ફેંકે છે. મળવાનો તો લહાવો છે, તેથી માણસ કેટલું બધું મેળવી શકે છે ! સંસ્કૃતમાં આ માટે 'બહુશ્રુત' શબ્દ છે. ઘણાઓને મળીને જેણે ઘણું ઘણુ સાંભળ્યુ-જાણ્યું છે તે બહુશ્રુત. પણ આપણામાંથી ઘણા મૂંગાભાઈ કે મૂંજીબાઈ હોય છે. સમાજના એક અંશ તરીકે, સંસ્કારી વ્યક્તિને શોભે તેવી રીતે આપણે કેમ વર્તવું જોઈએ, સંયમ તથા ઉલ્લાસ કેવી રીતે કેળવવા જોઈએ, તે આ રસભર્યો નિબંધ સચોટ રીતે કહી જાય છે.

આપણે સહુને કર્મે છેવટે જુદાઈ તો લખેલી જ છે, એમ સમજીને આપણે મિલનને-મળવાને વધુ મહત્ત્વ આપીએ છીએ, એમ બને ખરું ? માણસોનો સ્વભાવ ટોળાબંધ રહેવાનું પસંદ કરે છે, અને જોકે દરેકને પોતાનું કુટુંબરૂપી ટોળું હોય છે જ, છતાં વળી તે બીજા ટોળાંઓમાં સભ્ય થવા સતત મથ્યા જ કરે છે; અને તેથી મનુષ્ય કાયમ બીજા લોકોને મળવા જવામાં ગૂંથાયેલો રહે છે.

આપણાં ગામડાંઓમાં આવી રીતે મળવા જવાનો રિવાજ છે કે નહિ તે હું જાણતી નથી. મળવા જવું, એટલે કાંઈ પણ કામકાજ વગર અંગ્રેજીમાં જેને Social Call કહે છે, તે રીતે મળવા જવા વિશે હું વાત કરું છું. અંગ્રેજોની ભાષાના શબ્દ ઉપરથી તે લોકોનો આ સંબંધનો એક વિચિત્ર રિવાજ યાદ આવી ગયો છે, તે વિશે કહી લઉં. અંગ્રેજો પોતાના ઘરને દરવાજે કે આગલી દીવાલ ઉપર ઘરમાં નથી - Not at home'ના અક્ષરવાળી નાની પેટી રાખે છે. હવે ગામમાં કોઈ નવો રહેનારો આવે છે, તે ત્યાંના કોઈ વતનીઓને તો ઓળખે નહિ, અને એ લોકોમાં તો રિવાજ કે પરસ્પરની ઓળખાણ થયા વગર વાતચીત જ ન થઈ શકે. અજાણ્યાને નવા ગામમાં કોણ ઓળખે કે ઓળખાવે ? તેથી પેલી Not at homeની પેટી તે કામ બજાવે છે. નવો આગંતુક પોતાના નામનાં કાર્ડ - Visiting Card- લઈને દરેકને ઘેર પેલી પેટીમાં તે નાખી આવે, અને પછી તે નવા આવેલા ગૃહસ્થને બધાં પોતપોતાને ઘેર ચા પીવા બોલાવે અથવા તેને મળવા જાય. ઓળખાણ કરાવવાને - Introduction -એ લોકો કેટલી હદ સુધી મહત્ત્વ આપે છે, તે સાંભળો. એક વાર એક માણસ નદીમાં ડૂબી જતો હતો. તેને જોઈ કિનારે ઊભેલો અંગ્રેજ બૂમાબૂમ પાડીને કહેતો હતો : 'અરે કોઈ મને પેલા ડૂબતા સાથે પિછાણ (introduce) કરાવો, તો હું એને બચાવી શકું.' આપણા દેશમાં એ રીતે સારું છે. કોઈ ત્રીજા માણસની દખલગીરી વગર બે

માણસો ખુશીથી નવી ઓળખાણ કરી લે છે. પુરુષો હોય તો ક્યાં રહેવું ? શો ધંધો ? શી કમાણી ? શો વિસ્તાર ? બધું પહેલી બે મિનિટમાં બંને એકબીજાને પૂછી લે છે અને બે સ્ત્રીઓ પહેલી વાર મળે તો શી ન્યાત છો ? ક્યાં રહેવું ? સાસરુંપિયર ક્યાં ? શાં છોકરાં ? દિયર, જેઠ કેટલા ? ભેગાં છો કે જુદાં વગેરે બે નહિ પણ એક જ મિનિટમાં જાણી લે છે અને પછી તો સંસ્કૃતમાં કહેવત છે. सर्वधमाभाषणपूर्व माहु : કે વાતચીત થઈ એટલે મૈત્રી થયેલી જ ગણાય એ રીતે 'આવજોને, આપણે ઘેર !'નું આમંત્રણ અપાઈ જાય છે.

કેટલાક લોકો પારકાને ઘેર સાવ સરળતાથી ભળી જઈ શકે છે. પહેલી જ વાર ગયા હોય તો એ 'ભાભી, ચાની માથાકૂટ ના કરશો; આપણે તો રહ્યા સાધુરામ, દૂધ હશે તોય ચાલશે. જરા કેસર, એલચી, બદામપિસ્તાં નાખી દેજો ને, એટલે પત્યું' એમ કહી દે છે. વળી, કેટલાક મળવા આવનારા છેક રસોડાને ઊમરે આવીને જ ઊભા રહે છે, - 'ભિક્ષાં-દેહિ' કહેતા બ્રાહ્મણ માફક-અને અરધું હસવામાં અને અરધું ખાવા બેસવાની દાનતથી કહે છે, 'કેમ બહેન, તમારી રસોઈ ખુટાડવા આવું ને ?' મેં જોયું છે કે મુંબઈનાં પરાંઓમાં ગૃહિણીઓ આને મોટામાં મોટી હાસ્યરસની છોળ સમજે છે અને તે ઉપર વારી જઈ, પેલા ભૂખ્યા ભાઈને જમવા બેસાડી દે છે. આ રીતે જમવું તથા જમાડવું તે બે ક્રિયાઓમાં એ લોકોનો 'ખૂબ મઝા'નો ખ્યાલ સમાઈ જાય છે.

હવે મુંબઈનાં પરાંઓની વાત નીકળી છે ત્યારે એક બીજું પણ કહી નાખું. ત્યાં રવિવારની સવાર એ મળવા જવાનો ખાસ દિવસ અને સમય ગણાય છે. તે દિવસે દરેક જણ એકબીજાંને ઘેર મળવા જાય, એવો અણલખ્યો પણ પરાંઓનો કાયદો જ છે; અને તે પણ રોજને વેશે નહિ. વેશપલટો કરીને જવું એ વધારે યોગ્ય ગણાય છે રોજ પાટલૂન પહેરનારા ધોતિયું પહેરે, ધોતિયું પહેરનારા ચૂડીદાર સુરવાલ ચડાવે, સુરવાલ પહેરનારા વળી અરધી પાટલૂનમાં નીકળી પડે ! ટોપીવાળા હૅટ અને હૅટવાળા સાફો બાંધે ને સાફાવાળા ઉઘાડે માથે ! આ વેશપલટામાં કાંઈ નિયમ કે ધારાધોરણ છે કે નહિ તેની મને પૂરી માહિતી નથી. પતિપત્ની અલબત્ત મુંબઈગરાં હોઈ સાથે-સજોડે-નીકળે છે તેથી રોજ વહેલું ને ઉતાવળું રાંધનારી પરાંની પત્નીને રવિવારે સવારે પણ ઝટપટ રસોઈ પતાવી, અરધી રામાને સોંપીને નીકળી જવું પડે. પત્નીને માટે વેશપલટો જરૂરી ગણાતો નથી.

મળવા પછી ચાનાસ્તો તો ખરો જ. ગઈ કાલે કઈ ફિલ્મ જોઈ; કઈ લોકલટ્રેનમાં ગયાં, અને શેમાં પાછાં આવ્યાં; ફાસ્ટટ્રેન મળી હતી કે નહિ, તે વિશે જબરો વાર્તાલાપ જામે. મુંબઈનાં પરાંમાં શનિવારે ફિલ્મ જોવા જવાનો ખાસ રિવાજ છે. પુરુષો કામથી વહેલા પરવારે, અને પત્નીઓ માથે ઝાઝી દોરડી ને થોડાં ફૂલવાળી વેણી બાંધી મુંબઈ જાય, અને પછી ફિલ્મ જોવાય. આ ફિલ્મ જોવા માટે ફ્રીપાસ મેળવવા માટે ઘણાં પરાંવાસી સ્ત્રીપુરુષો તનતોડ મહેનત કરે. તેની અપેક્ષામાં ટ્રામ, બસને વિક્ટોરિયા અને જરૂર પડે, તો ટૅક્સીનાં ભાડાં પણ ખરચે, જેથી સરવાળે તો સિનેમાની ટિકિટ ગાંઠને પૈસે લેવી પણ સસ્તી પડે. હવે હું મુંબઈનાં પરાંવાસીઓની નિંદા જ કરવા બેઠી છું, તો ભેગાભેગી મારી એક ગૂંચ પણ અહીં મૂકી દઉં. પરાંઓમાં દર રવિવારે સવારે બધાં જ એકબીજાંને ઘેર જાય, ત્યારે કોણ કોને ઘેર જઈ મળી શકતું હશે ? બધાં જ એકબીજાંને ઘેર જવા નીકળી પડ્યાં હોય, એટલે કોઈ પોતાને ઘેર તો હોય જ શાનું ? અમારા અમદાવાદની વળી જુદા જ ઢંગની વાત છે. અમદાવાદી તો કોઈને માગી તાળી પણ ન આપે, એ કહેવત કાંઈ ખોટી નથી. એટલે અમારે ત્યાં જો તમે કોઈને મળવા જાઓ તો (પછી ભલેને તમારા યજમાન લાખોપતિ કે કરોડપતિ પણ કેમ ન હોય !) તરત ભારે વિવેકથી તમને હળવે ગંભીર સાદે પૂછવામાં આવે કે 'પાણી પીશો ?' તમે બિનઅનુભવી કે બિનઅમદાવાદી હો, તો એટલા કાચા કે ના કહો -

એમ આશામાં કે પાણી પીને શા માટે પેટ ભરવું ? પછી જે આવશે, તે માટે પેટમાં જગા ખાલી રાખવી ઠીક. પણ તમે પણ અમદાવાદી જ હો, અથવા નસીબસંજોગે અમદાવાદી બન્યા હો, તો તરત પાણીની હા પાડી દો - એમ સમજી જઈને કે જો ના પાડી તો પાણીમાંથી પણ રહી જઈશું. ઊઠતી વખતે સોપારી મળે. વધારે નસીબદાર હો તો પાનનું બીડું મેળવી શકો. આવા અમારા અમદાવાદી યજમાન !

પોતાની મેળે ચાલી-ચલાવીને મળવા આવેલા કેટલાક લોકો - જેમ આગળ કહ્યું, તેમ જેવી રીતે કદીક વધારે પડતી છૂટ લેનારા અને વાચાળ હોય છે, તેવી જ રીતે બીજે છેડે કેટલાક તેવા આગંતુકો છેક જ મૂગામંતર હોય છે. આપણે ઘેર મળવા આવે, અને એમ આશા રાખે કે આપણે એમને શોધીશોધીને સવાલો પૂછ્યા કરીએ. તે પોતે તો માત્ર 'હા' કે 'ના'ના એકાક્ષરી જવાબો આપવાની મહેરબાની કરે; અને જો ડોકું ધુણાવ્યે પતતું હોય તો હોઠ પણ ન ઉઘાડે. હવે આપણે યજમાન બન્યા, એટલે એ વણનોતર્યા મહેમાનની પણ, આપણી શકિત અનુસાર પરોણાગત તો કરવી પડે, એટલે આપણે વાતનો રેલો રેલાવીએ. અનાજની તંગીની બાબતમાં દરેક કાળા માથાનો માનવી સરકાર કરતાં વધુ ડાહ્યો, અને વધારે સારી યોજનાઓથી ભરપૂર મગજવાળો હોય છે, એટલે એ વાતમાં તો આ ભાઈ પણ કાંઈક ખીલશે, એમ માની આપણે એ વિષય સૌથી પ્રથમ છેડીએ. એક હસવા જેવી વાતનો દાખલો આપી, આપણે શરૂ કરીએ. પણ પેલા ભાઈ મૂંગા તો ખરા જ, ને સાથે લાગે વળી, મૂંજી પણ ખરા ! એટલે હસે પણ નહિ ને બોલે પણ નહિ ! ઠીક, રૅશનિંગની વાત તમને ન ગમી તો સિનેમાની વાત કરીએ. ફલાણી ફિલ્મ તો જોઈ હશે ? ઢીંકણી જોઈ ? જવાબમાં માત્ર 'હા' કે 'ના' - અને તેમાં પણ વધારે વખત 'ના'. વારુ ત્યારે મૂંગાભાઈ, રાજકીય વિષય છેડીશું ? વસતિની ફેરબદલીની વાત કરીશું ? પણ મૂંગાભાઈ તો એકાગ્રચિત્તે અમારી ખુરશીની ગાદી પર જડેલાં બટનો ખેંચીખેંચીને તોડી નાખવામાં રોકાયેલા હોઈ પાકિસ્તાન-હિન્દુસ્તાની ખૂનામરકીમાં રસ લઈ શકતા નથી. વારુ ભાઈ, ત્યારે કાંઈ પીશો ? ચા નથી પીતા, તો દૂધ, કૉફી, કોકો, શરબત ? કશું જ નહિ ? છેવટે આપણે હવે માત થઈ ચૂપ બેસી રહીએ છીએ. વળી વિચાર આવે છે કે કદાચ આ ભાઈ કાંઈ ખાસ કારણે આવ્યા હશે. અને આપણા વધુ પડતા લવારાથી સંકોચાઈને તક ન મળવાથી ચૂપ બેઠા હશે, પણ પાંચ-દસ-પંદર મિનિટ પસાર થવા છતાં તેમનું મૌન તૂટતું નથી. 'હું જઈશ' એટલું પણ એ બોલતા નથી; છેવટે આપણે કહેવું પડે છે, 'ચાલો ત્યારે મૂંગાભાઈ, મળીશું કોઈ વાર.' (જમને ઘેર-એટલું આપણે મનમાં ગણગણીએ છીએ) ત્યારે તે વિદાય થાય છે અને આપણે કેવો છુટકારાનો દમ ખેંચી હા...શ કરીએ છીએ !

કેટલીક એવી મૂંગી-મૂંજી બાઈઓ પણ હોય છે. ચાહીને આપણને પોતાને ઘેર તેડાવે છે, અને પછી એક અક્ષર પણ બોલવાની જાણે બાધા ! એટલે આપણે વાતો શરૂ કરીએ; ઘર મળવાની મુશ્કેલી નોકરચાકરની મુશ્કેલી, પણ મૂંજીબાઈ શાની બોલે ? તોબરા જેવું મોઢું ચડાવીને બેસી રહે અને હા કે નામાં જ જવાબ દે વારુ ત્યારે મુશ્કેલીઓની વાત પડતી મૂકો. છોકરાં-તમારા પેટનાં છોકરાંની વાત તો તમને ગમશે જ ! તમારો બાબો બહુ મઝાનો લાગે છે હો ! અરે બાઈ, જરા મોઢું તો મલકાવો. તમારા રીતભાત વગરના, મેલાઘેલા અને નાગાપૂગા છોકરાને મઝાનો કહું છું ને ! નહિ ? વારુ ત્યારે જવા દો. કપડાંની વાત કઈ સ્ત્રીને નથી ગમતી ? સરોજિની નાયડુ તથા વિજ્યાલક્ષ્મી પંડિત આગળ પણ જો સાડીની વાત નીકળે તો સ્વરાજ્ય, સ્ત્રીના હક્ક વગેરે બધું જ ભૂલી, સાડીની વાતમાં તલ્લીન બની જાય છે એ તો સ્વાનુભવ છે. એટલે હું આ મૂંજીબાઈને પૂછું છું, 'બહેન, તમારી સાડી સરસ છે. હાથબનાવટની લાગે છે.' 'હા !' ટૂંકોટચ જવાબ. કદાચ તને વધારે બુદ્ધિપ્રધાન વિષયની

વાતો ગમતી હશે. ચાલો, ત્યારે તે અજમાવી જોઉં, 'તમે હાલ કંઈ વાંચો છો ખરાં ?' 'ખાસ નહિ.' ખસિયાણા પડી જવાય તેવો જવાબ મળ્યો. ગમે તેવી સ્ત્રી હોય, પણ તેના પિયરની વાત એને બહુ મીઠી લાગે છે, માટે તે પૂછીએ. 'તમારું પિયર કયે ગામ ?' જવાબ : 'અહીં જ છે.' જાણે આપણું જ પિયર અણધાર્યું ગામમાં હાથ લાગી ગયું હોય એવો હર્ષ બતાવી આપણે કહીએ, 'ત્યારે તો મઝા ! તમે તો ઘડી ઘડી જતાં હશો.' 'જઈએ.' બાઈ ઉમળકા વગર જવાબ દે છે અરે ભલી બાઈ ! તેં મને શું કરવા-કયા ગુનાની શિક્ષા તરીકે તારે ઘેર તેડી છે ? આપણે મનમાં જ પૂછીએ છીએ, છેવટ વહેલામાં વહેલી તકે ઊઠીને રસ્તે પડીએ છીએ.

કેટલાક મળવા આવનાર એવા હોય છે કે કોઈને ઘેર જઈને મહેમાનને બદલે યજમાન બની જાય છે ! સારામાં સારા આસન ઉપર ખૂબ આગ્રહપૂર્વક આપણને બેસાડે છે. તાપ હોય તો પંખો આપે, વાતો કરવાનો ઈજારો પણ પોતે જ હાથમાં રાખે અને ખાવાનું હોય, તો આપણે બદલે તે જ સૌને આગ્રહ કરી ખવડાવે, આપણને પણ તેવો જ આગ્રહ કરે ! વળી, બીજા પ્રકારના મળવા આવનારા હદપાર નિખાલસ સ્વભાવવાળા હોય છે, જેથી વાતો આપણે છેક નિકટના જ મિત્રોને કરીએ તેવી વાતો આ પ્રકારના મનુષ્યો પહેલી જ મુલાકાતે કરે છે. કેટલાક પહેલી મુલાકાતે ખૂબ આગ્રહ કરીને પોતાની છબી પણ ભેટ આપે છે ! એક બહેને પહેલી જ ઓળખાણે મને છબી અને એક બાટલો ભરીને માથામાં નાખવાનું મેંદીનું તેલ ભેટ આપેલું. એક બહેને પહેલી જ વાર કોઈ મેળાવડામાં મળ્યાં, ત્યારે પોતાને નણંદ સાથે કેવી લડાઈ છે, પોતાનાં કાકી કેવા હલકટ સ્વભાવનાં છે, કેવી રીતે લડીને જુદાં પડ્યાં હતાં, તેનું સવિસ્તાર બયાન કર્યું હતું.

ગુંદરિયા મહેમાનો વિશે તો ઘણું જ કહેવાઈ ગયું છે, તેથી તેમને વિશે હું કશું જ નથી કહેતી, કારણ કે તેવા મહેમાનો જે કંટાળો આપે છે, તે કરતાં પણ તેવા મળવા આવનારાઓ વિશેની વાતો - Jokes - વગેરે વધારે કંટાળો આપે છે

કેટલાક સ્ત્રીપુરુષો પોતાનાં બાળકોમાં એવાં રચ્યાંપચ્યાં હોય કે આપણે ઘેર મળવા આવે, અથવા આપણે એમને ઘેર જઈએ તોપણ પોતાનાં છોકરાઓ સિવાય કોઈની વાત જ નથી કરી શકતાં. એમનો બાબો 'જે-જે' કરે, કાલુંઘેલું બોલે, એમની બેબી નાચ કરે, ગરબા ગાય, તેને વિશે તેમને હૈયે જો આનંદ તથા ગર્વનો ઊભરો આવે, તોપણ તેને પોતાના કુટુંબમાં જ તે સમાવી દેવા પ્રયત્ન કરવો ઘટે છે. પારકાંને તે વાતોમાં કશો જ રસ ન પડે, ઊલટો કંટાળો આવે, તે કેમ કોઈ માબાપ નથી સમજતાં ? આપણે પોતે પણ તે અનેક વાર ભૂલી જઈએ છીએ !

## • શબ્દસમજૂતી

- આ પાઠના નવા અથવા અઘરા શબ્દોના અર્થ શબ્દકોશમાંથી જોઈને તારવો.
- આ પાઠનાં લેખિકાનો વિશેષ પરિચય શિક્ષકની મદદથી મેળવો.

• • •

**મારી નોંધ :**

**મારી નોંધ :**